ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬



જેકી હોય કે શકીરા, ફરાહની ડાન્સ ક્લાસમાં બધાં જ સ્ટુડન્ટ! Pg.2



સ્વતંત્ર વ્યક્તિત્વ એ છુપાવાની નહીં, પણ ગર્વ લેવાની વાત છેઃ રશ્મિકા મંદાના Pg.4

# બબલી થી બોલ્ડ બનવાનો કિયારાનો કીમિયો થયો નિષ્ફળ



**કિયારા પોતાની શરૂઆતની સ્વીટ ગર્લની ઈમેજ તોડીને નવી બોલ્ડ ઈમેજ બનાવવા માંગે છે, જેથી તે લોકોના ધ્યાનનું કેન્દ્ર બની શકે, પણ બોલિવુડ ઓડિયન્સ આના માટે તૈયાર નથી**




‘કબીર સિંઘ’ની શાંત, પ્રેમાળ અને ધ ગર્લ નેક્સ્ટ ડોરની ઈમેજવાળી પ્રીતિની ભૂમિકા કરનાર કિયારા તો આપણને સૌને યાદ જ હશે! ચોક્કસ લોકોએ તે પાત્રને ઘણું પસંદ કર્યું હતું. ૨૦૧૪માં ‘ફૂગલી’ ફિલ્મથી કિયારાએ કારકિર્દીની ભલે શરૂઆત કરી, પરંતુ તેને ૨૦૧૬માં રિલીઝ થયેલી ફિલ્મ ‘એમ.એસ. ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી’થી સફળતાનો સ્વાદ ચાખવા મળ્યો. ત્યાર બાદ તેની ‘કબીર સિંઘ’, ‘ગુડ ન્યૂઝ’, ‘ભૂલભૂલૈયા ૨’ અને ‘જુગ જુગ જિયો’ ફિલ્મ આવી, જે કોમર્શિયલ હિટ સાબિત થઈ. ૨૦૨૧માં આવેલી ‘શેરશાહ’ ફિલ્મમાં તેણે શહીદ કેપ્ટન વિક્રમ બત્રાની પ્રેમિકાની ભૂમિકા નિભાવી હતી, જેના માટે કિયારાના અભિનયની ઘણી પ્રશંસા પણ થઈ હતી. કિયારાની ગણના ટોચની અભિનેત્રીઓમાં થવા લાગી હતી. કિયારાએ અત્યાર સુધીની જે ફિલ્મ્સ કરી તેના આધારે શરૂઆતથી જ તેની ઈમેજ સ્વીટ, ઈનોસન્ટ ગર્લ જેવી રહી છે, પરંતુ હવે કિયારાને પોતાની ઈમેજ બદલવી છે.

વર્ષ ૨૦૨૩માં કિયારાએ તેના ‘શેરશાહ’ના કો-સ્ટાર સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે લગ્ન કર્યાં. સામાન્ય રીતે લગ્ન બાદ કોઈ પણ અભિનેત્રીની એક્ટિંગ કારકિર્દી ધીમી પડી જાય છે અથવા તો તે થોડા સમય માટે એક્ટિંગમાંથી બ્રેક લઈ લે છે. અને વળી, જો કોઈ લગ્ન પછી ફિલ્મ કરવાનું શરૂ કરે તો તે અમુક પ્રકારના ગંભીર રોલ્સ પસંદ કરે છે. મોટાભાગે એક્ટ્રેસ લગ્ન પછી પોતાની ઈમેજનું ખાસ ધ્યાન રાખતી હોય છે. પરંતુ, લાગે છે કે કિયારા પોતાની કારકિર્દીને લગ્ન બાદ નવી દિશા આપવા માંગે છે. કિયારાએ લગ્ન બાદ ‘સત્યપ્રેમ કી કથા’ જેવી ફિલ્મ કરી હતી, જે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. ત્યાર બાદ તેણે ‘વોર ૨’ અને ‘ટોક્સિક’ જેવી ફિલ્મો કરી, જેમાં તેણે ઘણા બોલ્ડ સીન આપ્યા છે. આ વિષે કિયારા કહે છે કે, ‘આ ફિલ્મ પછી તમે પહેલાની કિયારા અને ફિલ્મ પછીની કિયારા વચ્ચે તફાવત જોઈ શકશો.’ વળી, તેનો કો-એક્ટર યશ પણ કિયારાને ‘તબાહી’ તરીકે સંબોધે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કિયારા તેની લગ્ન પછીની ડૂબતી કારકિર્દીને બચાવવા માટે આ પ્રકારના રોલ્સ પસંદ કરે છે. કિયારા પોતાની શરૂઆતની સ્વીટ ગર્લની ઈમેજ તોડીને નવી બોલ્ડ ઈમેજ બનાવવા માંગે છે, જેથી તે લોકોના ધ્યાનનું કેન્દ્ર બની શકે. તે પોતાની પીઆર વધારવા માટે આ પ્રકારની ભૂમિકા જાણીજોઈને પસંદ કરી રહી છે. ‘વોર ૨’માં તેનો હૃતિક સાથેનો કિસિંગ સીન ઘણો ચર્ચામાં રહ્યો હતો. તો વળી, ‘ટોક્સિક’માં યશ સાથે તેણે ઘણા બોલ્ડ સીન આપ્યા છે, જે આજકાલ લોકોમાં હોટ ટોપિક બની ગયા છે. તેમ છતાં, કિયારાની આમાંની એક પણ ફિલ્મ સફળ થઈ નથી. એક રીતે જોતાં, કિયારાનો બોલ્ડ બનવાનો કીમિયો નિષ્ફળ ગયો છે.

કિયારા પહેલી અભિનેત્રી નથી કે જેણે લગ્ન પછી કારકિર્દીની ફરી શરૂઆત કરી હોય. જેમ કે, દીપિકા પાદુકોણ, કાજોલ, ઐશ્વર્યા રાય, રાની મુખર્જી જેવી ઘણી અભિનેત્રીઓ છે, જેમણે લગ્ન પછી કારકિર્દીની નવી ઈનિંગ શરૂ કરી છે. વળી, તેમને તેમની ભૂમિકાઓ માટે પ્રશંસા પણ મળી છે અને ફિલ્મને સફળતા પણ મળી છે. પરંતુ, અહીં એક વાત નોંધનીય છે કે જ્યારે પણ કોઈ અભિનેત્રી લગ્ન બાદ કિસિંગ સીન કે બોલ્ડ સીન આપે ત્યારે દર્શકો દ્વારા તેની ઘણી ટીકા થાય છે. અને, આવું જ કંઈક કિયારા સાથે પણ બન્યું. કિયારાએ તેના જે કો-એક્ટર્સ સાથે બોલ્ડ સીન આપ્યા છે, જેમ કે, ‘વોર ૨’માં હૃતિક રોશન સાથે અને ‘ટોક્સિક’માં યશ સાથે, તે બંને મેલ એક્ટર્સ વિવાહિત છે, છતાં તેઓ ટીકાપાત્ર બનતા નથી. અગાઉ શાહરૂખ ખાન અને સલમાન ખાને પણ પોતાનાથી અડધી ઉંમરની ફીમેલ એક્ટ્રેસ સાથે રોમાન્સ કર્યો છે, છતાં તેમના વિષે એટલી ટીકા થઈ નથી. એક્ટ્રેસ લગ્ન બાદ બોલ્ડ સીન આપે તે વાત ઓડિયન્સને લાગે છે કે સ્વીકાર્ય નથી. હાલમાં જ કિયારાએ હાઈ ફેશન શૂટ કરાવ્યું હતું, જેમાં તેની ઈમેજ ગ્લોબલ સ્ટાઈલ આઈકોન તરીકે ઊભરીને આવે છે, જેના માટે લોકોએ તેની પ્રશંસા પણ ઘણી કરી. આમ, જો કિયારા લોકોને પસંદ હોય અને સ્વીકાર્ય હોય તેવી ઈમેજમાં આવે તો તેની પ્રશંસા પણ થાય છે.

હવે, આ વાત તો દેખીતી જ છે કે કિયારા તેની ઈમેજ બદલવા માટે ઘણા પ્રયોગ અને ઘણા પ્રયત્નો કરી રહી છે, પછી તે ફિલ્મોમાં પાત્રોની પસંદગી કરવામાં હોય કે પછી ફોટો શૂટ હોય. કિયારાના કેટલા પ્રયોગો સફળ રહ્યા છે અને કેટલા નિષ્ફળ રહ્યા છે, તે તેની ફિલ્મો પરથી અને ઓડિયન્સ તરફથી મળતા પ્રતિભાવ પરથી તેને ખ્યાલ તો આવી જ ગયો હશે. તો હવે, કિયારાએ વિચારવાનું છે કે લોકો તેને કઈ રીતે જોવાનું પસંદ કરે છે અને તેની કઈ ઈમેજ તેને સફળતા આપી શકે છે. •

## સારાએ છોકરીને ધક્કો કેમ માર્યો?

ઓરહાન અવત્રામણી કે જે ઓરી નામથી ઓળખાય છે તેની સારા અલી ખાન અને તેના પરિવાર સાથે અગાઉ ગાઢ મૈત્રી હતી, પરંતુ તેણે સોશિયલ મીડિયા પર તેમના વિશે અમુક કમેન્ટ્સ કરી ત્યાર બાદ તેમની વચ્ચેના સંબંધમાં કડવાશ આવી ગઈ હતી.



હાલમાં ઓરીએ ફરી તેનો સંબંધ જ્યારે સારા અલી ખાન સાથે મૈત્રીપૂર્ણ હતો તે સમયની ઘટના યાદ કરતા સોશિયલ મીડિયા પર શેર કરીને ફરી તણાવ ઊભો કરવાનો પ્રયત્ન કર્યો છે. ઓરી એક પાર્ટીની યાદ કરતા કહે છે કે, ‘સારાએ એક છોકરીને ખુરશી પરથી ધક્કો માર્યો અને તેનો આરોપ મારા પર લગાવવામાં આવ્યો. જ્યારે તે અને સારા એક પાર્ટીમાં બેસવા માટેની જગ્યા શોધી રહી હતી ત્યારે સારા એક છોકરીને ખુરશી પર તે બેસવા જતી હતી ત્યારે, ધક્કો મારી દીધો. મારો તે ઘટના સાથે કોઈ સંબંધ ન હતો છતાં તે છોકરીએ બધો ગુસ્સો મારા પર કાઢ્યો. જોકે આ પાર્ટીની ઘટના થોડી રમૂજી હતી અને તે પણ સારાએ જ ઉપજાવી કાઢી હતી. તે સમયે મને કોઈ જાણતું ન હતું, જ્યારે સારા ઘણી પ્રખ્યાત થઈ ગઈ હતી. આ કારણસર તે છોકરીએ મારા પર ગુસ્સો કાઢવાનું શરૂ કરી દીધું. મેં જે ભૂલ નહોતી કરી તેની સજા મારે ભોગવવી પડી. વાસ્તવમાં, મેં તે છોકરીને ધક્કો નહોતો માર્યો.’

જ્યારે ઓરીએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ‘૩ વર્સ્ટ નેમ્સ’ તરીકે સારા અલી ખાન, અમૃતા સિંઘ અને પલક તિવારીનો ઉલ્લેખ કર્યો હતો. ત્યાર બાદ સારા અને ઓરી બંનેએ એકબીજાને સોશિયલ મીડિયા પર ફોલો કરવાનું બંધ કરી દીધું હતું. ઓરીએ ૨૦૨૧માં અમૃતા સિંઘ સાથે બનેલી ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો અને ઉમેર્યું કે તે સમયગાળો તેના માટે ઘણો કપરો હતો. તે દરમિયાન થયેલા અનુભવોને કારણે તેના સારા અને તેના પરિવાર સાથેના સંબંધો પર પણ અસર થઈ હતી. બીજી બાજુ, સારા આ વિષે કંઈ પણ બોલવાનું ટાળે છે. હાલમાં, ઓરી ખતરો કે ખિલાડીમાં ભાગ લેવાને કારણે જાણીતો થયો છે. •

બોલિવ્લોગ વિથ પૅપ

## કરીનાના દીકરાને એક્ટર નથી બનવું

કરીના કપૂર ખાને હાલમાં આપણી સાથે શેર કર્યું કે તેનો મોટો દીકરો તેની જેમ એક્ટર નહીં પરંતુ, ફૂટબોલર કે ક્રિકેટર બનશે. કરીનાના મોટા દીકરા તૈમુર વિશે તે કઈ કારકિર્દી લેશે તેની અટકળો વચ્ચે કરીનાએ સ્પષ્ટ કર્યું છે કે તૈમુરનું ભવિષ્ય બોલિવૂડમાં કે એક્ટિંગમાં નથી. હાલમાં, તેને ક્રિકેટ અને ફૂટબોલ રમવાનું ખૂબ ગમે છે. આમ, ભવિષ્યમાં બની શકે કે તેની કારકિર્દી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટર કે ફૂટબોલર તરીકેની રહે.

આ વિષે કરીના વધુમાં સ્પષ્ટતા કરે છે કે, ‘હાલમાં તૈમુરને સ્પોર્ટ્સ રમવાનું ખૂબ ગમે છે. તૈમુર પોતે પણ જણાવે છે કે તે ક્રિકેટ કે ફૂટબોલમાં તેની કારકિર્દી બનાવવા માંગે છે અને આમાં અમે પણ તેને સાચું માર્ગદર્શન આપવા તૈયાર છીએ. કદાચ એવું પણ બને કે આગળ જતાં તેનો વિચાર બદલાઈ જાય. આમાં એવું નથી કે જો તે ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી આવતા હોવ તો તેણે એક્ટિંગને જ પસંદ કરવું જોઈએ. તેને દરેકનો અનુભવ લેવા દેવો જોઈએ. હું પોતે પણ ક્યારેય ક્રિકેટ કે ફૂટબોલ રમી નથી. હા, મને સ્વિમિંગ ગમે છે, પરંતુ હું ટીનેજમાં આવી ત્યાં સુધીમાં મેં નક્કી કરી લીધું હતું કે મારે એક્ટિંગ કરવી છે. તેવી જ રીતે જ્યારે તે પોતાનો નિર્ણય કહેતો હોય તો આપણે તેને ગંભીરતાથી લેવો જોઈએ, કારણ કે આ જ ઉંમરમાં મેં પણ નક્કી કરી લીધું હતું. તે બિલકુલ મારા પર ગયો છે.’



અહીં નોંધનીય છે કે તૈમુર એક મજબૂત ક્રિકેટ વારસો ધરાવતા પરિવારમાંથી આવે છે. તેના દાદા મન્સુર અલી ખાન પટૌડી ભારતના અગ્રણી ટેસ્ટ કેપ્ટનોમાંના એક હતા, જેમણે ઘણા વર્ષો સુધી ભારતીય ક્રિકેટ ટીમનું નેતૃત્વ કર્યું હતું. તેના પરદાદા ઈફ્તિખાર અલી ખાન પટૌડીની ક્રિકેટ કારકિર્દી પણ શાનદાર રહી હતી. તેઓ પહેલા એવા ક્રિકેટર હતા, જેમણે ભારત અને ઈંગ્લેન્ડ એમ બંને દેશોનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તાજેતરમાં કરીનાની ફિલ્મ દાયરા ૧૮ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે અને તે કુણાલ ખેમુની ફિલ્મ વાઈબ સાથે ટકરાશે. •

## અક્ષયે અમિતાભને તેનો કુર્તો પહેરવા આપ્યો

અક્ષય કુમારે કૌન બનેગા કરોડપતિમાં તેની અને અભિનેતા અમિતાભ બચ્ચનની મુલાકાતનો એક મજેદાર કિસ્સો સંભળાવ્યો છે. અમિતાભ બચ્ચનની ગણના સદીના મહાનાયક તરીકે થાય છે અને તેમના ક્વિઝ શો કૌન બનેગા કરોડપતિમાં જ્યારે એક્ટર અક્ષય કુમાર અને સૈફ અલી ખાન આવ્યા ત્યારે અક્ષય તેમને તેમની એક મુલાકાતની યાદ અપાવી, જ્યારે અમિતાભ બચ્ચન તેના ઘરે મળવા માટે આવ્યા હતા અને કેવી રીતે તેના હાઉસ હેલ્પે બધી ગડબડ કરી અને આખરે અમિતાભ બચ્ચનની વધારે ઊંચાઈ પણ એક પ્રોબ્લેમ બની ગઈ હતી.

અક્ષય આ કિસ્સો યાદ કરતાં જણાવે છે કે, ‘તે સમયે મારા ઘરમાં જેઓ કામ કરતા હતા તેઓ સરને જોઈને વધારે પડતા ઉત્સાહિત થઈ ગયા. મને યાદ છે તે છોકરો અલાહાબાદનો હતો અને તેણે સરને પાણી આપવાનું હતું. તે અમારા માટે ૩-૪ ગ્લાસ પાણી લઈને આવ્યો. તેને વિશ્વાસ થતો ન હતો કે તે અમિતાભ બચ્ચનને પાણી આપી રહ્યો છે અને તે એટલો બધો ઉત્સાહિત થઈ ગયો કે તેનાથી પાણીના ચારેય ગ્લાસ સર પર ઢોળાઈ ગયા. અમિતાભ સરે, મને યાદ છે ત્યાં સુધી, લાંબો કુર્તો પહેર્યો હતો. તે પૂરો ભીનો થઈ ગયો. હવે બીજો પ્રોબ્લેમ એ થયો કે અમિતાભ સરને બરાબર રીતે આવી રહે એવો કુર્તો મારી પાસે કેવી રીતે હોય? અમિતાભ સર થોડા લાંબા છે અને તેમનો કુર્તો પૂરેપૂરો ભીનો થઈ ગયો હતો એટલે મારે તેમને એવો કુર્તો આપવો પડ્યો કે જે તેઓ શર્ટ તરીકે પહેરી શકે.’ અક્ષય કુમાર અને અમિતાભ બચ્ચને ઘણી ફિલ્મ્સ સાથે કરી છે, જેમ કે એક રિશ્તાઃ ધ બોન્ડ ઓફ લવ, ખાકી, અબ તુમ્હારે હવાલે વતન સાથિયોં, વક્ત અને ફેમિલીઃ ટાઈઝ ઓફ બ્લડ. અક્ષય કુમાર હાલમાં એક થ્રિલર ફિલ્મ સામુકનું શૂટિંગ કરી રહ્યો છે અને તે રોહિત શેટ્ટીની ફિલ્મ ગોલમાલ ૫માં પણ અજય દેવગણ સાથે જોવા મળશે. •

